# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 4-12-2021** **Midday : 1.20 to 1.30**

**Day: Saturday** **National News**

## આકાશવાણી સમાચાર **સુકેશ ગુપ્તા** વાંચે છે.

..............................................................................

- સંસદની જાહેર હિસાબ સમિતિની સ્થાપનાને આજે ૧૦૦ વર્ષ પુરા થયા. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આજે સંસદના સેન્ટ્રલ હોલમાં બે દિવસીય શતાબ્દી સમારોહનું ઉદઘાટન કર્યું.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દહેરાદુનમાં આશરે ૧૮ હજાર કરોડ રૂપિયાના વિકાસકામોનું ઉદઘાટન કરશે.
- જવાદ વાવાઝોડુ આજે ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડીશા પહોંચે તેવી શકયતા છે.
- કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમરે કહયું છે કે સરકારે દેશમાં ખેડુતોની આવક વધારવા અનેક પગલાં લીધા છે.
- દેશમાં છેલ્લા ૧૩ મહિનામાં મેડીકલ ઓકસીજનની પ્રતિદિવસ ઉત્પાદન ક્ષમતા એક હજાર નવસો મેટ્રીક ટનથી વધારે વૃધ્ધિ થઇ છે.
- રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ દેશમાં અત્યાર સુધી કોવિડ રસીના ૧૨૬ કરોડ ૫૩ લાખથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે.

---

(ન્યુઝ બ્રેક - આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે- આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# કોરોના અપીલ

સમાચાર પહેલાં સાંભળીએ કોરોના અંગેનો આ સંદેશ....

**(કોવિડ ટ્યુન)**

-----------------------------------------------

## એક અગત્યનો સંદેશ

બધા જ ગ્રાહકોને આઝાદીના અમૃત મહોત્સવની શુભેચ્છા. હોલમાર્ક સોનાની શુદ્ધતાની ખાતરી આપે છે. હંમેશા હોલમાર્ક વાળા સોનાના દાગીના  ખરીદવાનો આગ્રહ રાખજો. ગ્રાહક બાબતોની કોઈપણ ફરિયાદ કરવા રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇનના ટોલ ફ્રી નંબર-૧૪૪૦૪નો ઉપયોગ કરજો. ભારત સરકારના ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા જનહિતમાં જારી. જાગો ગ્રાહક જાગો.

## અગત્યનો સંદેશ પૂરો થયો.

---------------------------------------

## PARL-PAC શતાબ્દી

સંસદની જાહેર હિસાબ સમિતિની સ્થાપનાને આજે 100 વર્ષ પુરા થયા. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આજે સંસદના સેન્ટ્રલ હોલમાં બે દિવસીય શતાબ્દી સમારોહનું ઉદ્ઘાટન કર્યું.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે , જાહેર હિસાબ સમિતિની કામગીરી સંસદીય માળખામાં વિવેક અને યોગ્યતાને જાળવી રાખે છે. તેમણે વધુમાં જણાવ્યું કે , ગાંધીજી સ્વચ્છ જાહેર જીવન માટે હિસાબ રાખવાની જરૂરીયાતના પ્રખર હિમાયતી હતા.

શતાબ્દી સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ એમ.વેંકૈયા નાયડુ અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા સહિત તમામ રાજ્યની વિધાનસભાના અધ્યક્ષ અને રાજ્યની જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષો એ પણ ભાગ લીધો.

આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ એમ.વેકૈયા નાયડુએ જણાવ્યું કે , જાહેર હિસાબ સમિતિના અહેવાલો જાહેર જીવનમાં સુધારો લાવવાનો પ્રયાસ કરે છે અને તેણે ઘણી પરંપરાગત નાણાંકીય ક્ષતિઓ પણ સુધારી છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું કે , આ જાહેર હિસાબ સમિતિ સંસદની સૌથી મહત્વપુર્ણ સમિતિઓમાંની એક છે. તેમણે સમિતિના સભ્યો ધ્વારા દાખવેલા સમર્પણની પ્રશંસા કરી હતી.

-------------------------------

## પ્રધાનમંત્રી – દહેરાદુન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરાખંડમાં દહેરાદુન જશે , તેઓ આશરે ૧૮ હજાર કરોડ રૂપિયાના ખર્ચની પરીયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રીની યાત્રાનો ઉદ્દેશ રસ્તાઓના માળખાકીય સુધારા સંબંધિત પરીયોજનાઓને અમલી કરવાનો છે. પ્રધાનમંત્રી દહેરાદુનમાં એક રેલીને પણ સંબોધન કરશે.

શ્રી મોદી ૧૧ વિકાસ પરીયોજનાઓની આધારશિલા મુકશે. જેમાં દિલ્હી – દહેરાદુન આર્થિક કોરીડોરનો સમાવેશ થાય છે. જેનું નિર્માણ આશરે આઠ હજાર ત્રણસો કરોડ રૂપિયાના ખર્ચે થશે. જેનાથી દિલ્હી અને દહેરાદુનની વચ્ચેના પ્રવાસનો સમય ઘણો ઓછો થશે. ગંગા નદી પર લક્ષ્મણ ઝુલાની નજીક એક પુલનું નિર્માણ કરવામાં આવશે. વિશ્વ પ્રસિધ્ધ લક્ષ્મણ ઝુલાનું નિર્માણ વર્ષ ૧૯૨૯માં કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી દહેરાદુનમાં બાળકો માટે અનુકુળ શહેરની પણ આધારશિલા મુકશે. જેનાથી બાળકો માટે રસ્તાઓ સુરક્ષિત બનશે. શ્રી મોદી ૭૦૦ કરોડ રૂપિયાની વધુની જળ પુરવઠા , રસ્તાઓ અને ગટર વ્યવસ્થા સંબંધિત પરીયોજનાઓની આધારશિલ મુકશે. હરિધ્વારમાં પાંચસો કરોડ રૂપિયાની ખર્ચે નવી મેડીકલ કોલેજ બનાવવામાં આવશે. દહેરાદુનમાં હિમાલય સાંસ્કૃતિક કેન્દ્રના ઉદઘાટન ઉપરાંત યમુના નદી પર બનેલી ૧૨૦ મેગાવોટના જળવિદ્યુત પરીયોજનાનો શુભારંભ કરાવશે. પ્રધાનમંત્રી દહેરાદુનમાં અતિ આધુનિક સુંગધી પ્રયોગશાળાનું પણ ઉદઘાટન કરશે.

---------------------------------------

# જવાદ વાવાઝોડુ

જવાદ વાવાઝોડુ આજે ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડીશા પહોંચે તેવી શકયતા છે. આકાશવાણી સાથેની વાતચીતમાં હવામાન વિભાગના મહાનિદેશક મૃત્યુંજય મહાપાત્રાએ આ માહિતી આપી.

જવાદ વાવાઝોડાને કારણે ઓડીશાના તટપ્રદેશના જીલ્લાઓમાં ગઇરાત્રીથી વરસાદ થઇ રહયો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ જવાદ વાવાઝોડુ ઓડીશા પહોચશે ત્યારે વરસાદ અને હવાની તીવ્રતામાં વધારો થશે.

ભારતીય નૌકાદળે નુકશાન ઓછુ થાય તે માટે બચાવ અને રાહત કામગીરી ઝડપી બનાવી છે. નૌકાદળે બચાવ અને રાહત કાર્યો માટે ૧૩ પુર રાહત દળની તૈયારી રાખી છે.

એનડીઆરએફના મહાનિદેશક અતુલ કરવાલે કહ્યું છે કે પશ્ચિમ બંગાળ, ઓડીશા, આંધ્રપ્રદેશ, તામીલનાડુ અને અંડમાન નિકોબારમાં એનડીઆરએફની ૪૬ ટીમો તૈનાત કરવામાં આવી છે.

---------------------------------------------

# રાજયસભા ખેડુતોની આવક

કૃષિ અને કૃષિ કલ્યાણ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે કહ્યું છે કે સરકારે દેશમાં ખેડુતોની આવક વધારવા માટે અનેક પગલા લીધા છે. ગઇકાલે રાજયસભામાં એક લેખિત જવાબમાં શ્રી તોમરે કહ્યું કે સરકાર ખેડુતોને તેમના પેદાશના યોગ્ય ભાવ સુનિશ્ચિત કરવા તથા વધુ રોકાણ અને ઉત્પાદનને પ્રોત્સા હિત કરવા માટે લઘુતમ ટેકાના ભાવ એમએસપીની જાહેરાત કરે છે. ખરીફ વેચાણ સિઝન ૨૦૨૦-૨૧ થી વધુ અનાજ ખરીદીને ૩૧ લાખ ખેડુતોને ફાયદો થયો છે. કૃષિ મંત્રીએ કહ્યું કે રવિ વેચાણ સીઝન ૨૦૨૧-૨૨ માટે ૪૩૩ લાખ મેટ્રીક ટનથી વધુ ઘઉની ખરીદી થઇ જેનાથી ૪ લાખ ખેડુતોને લાભ થયો છે.

તોમરે કહ્યું કે સરકારે ખેડુતોની આવક વધારવા માટે અનેક કાર્યક્રમો શરૂ કર્યા છે. જેમાં મુદ્રા આરોગ્ય કાર્ડ, પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધી, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના, ઇ-નામ, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાનો સમાવેશ થાય છે.

------------------------------------------

## લોકસભા – ઓકસીજન

દેશમાં છેલ્લા ૧૩ મહિનામાં મેડીકલ ઓકસીજનની પ્રતિ દિવસ ઉત્પાદન ક્ષમતામાં એક હજાર નવસો મેટ્રીક ટનથી વધારે વૃધ્ધિ થઇ છે. ગયા વર્ષે ઓકટોબરમાં પ્રવાહી ઓકસીજનની ઉત્પાદન ક્ષમતા છ હજાર

આઠસો છોત્તેર મેટ્રીક ટન હતી જે ગયા મહિને વધીને પ્રતિ દિવસ આઠ હજાર સાતસો ઇઠોતેર મેટ્રીક ટન થઇ છે.

કેન્દ્રીય આરોગ્ય અને પરીવાર કલ્યાણ રાજયમંત્રી ડોકટર ભારતી પ્રવીણ પવારે ગઇકાલે લોકસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપી.

ડોકટર પવારે કહ્યું કે દેશના દરેક જીલ્લામાં પ્રધાનમંત્રી કેથર્સ ફંડ હેઠળ એક હજાર બસો પચ્ચીસ પીએસએ સંયંત્ર શરૂ કરવામાં આવ્યા છે.

--------------------

# કોવિડ

રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ દેશમાં અત્યાર સુધી કોવિડ રસીના ૧૨૬ કરોડ ૫૩ લાખથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જણાવ્યું છે કે છેલ્લા ૨૪ કલાકમાં ૭૩ લાખ ૬૩ હજારથી વધુ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોવિડના નવા આઠ હજાર ૬૦૩ કેસ નોંધાયા છે અને આઠ હજાર ૧૯૦ દર્દીઓ સાજા થયા છે. દેશમાં કોવિડથી સાજા થવાનો દર ૯૮.૩૫ ટકા છે.

દેશમાં અત્યાર સુધી ૬૪ કરોડ ૬૦ લાખથી વધુ કોવિડના પરીક્ષણ કરવામાં આવ્યા છે.

-------------------------------------

## ઓમિક્રોન ફેલાવો

કેન્દ્ર સરકારે રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોવિડના નવા વેરીયન્ટ ઓમિક્રોનના ફેલાવાને રોકવા માટે જરૂરી તમામ પ્રયત્નો કરવા કહ્યું છે. આરોગ્ય સચિવ રાજેશ ભુ  ષણે તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવ અને આરોગ્ય વિભાગના મુખ્ય સચિવને પત્ર લખ્યો છે.

---------------------------------

## મનસુખ માંડવીયા

આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયાએ કહ્યું છે કે નવા કોવિડ વેરીયન્ટ ઓમિક્રોનના પડકારને પહોંચી વળવા માટે કેટલાક મહત્વના પગલા લેવામાં આવ્યા છે. લોકસભામાં ગઇકાલે કોવિડ રોગચાળા પર થયેલી ચર્ચામાં મનસુખ માંડવીયાએ આ મુજબ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે બેગલુરૂમાં ઓમિક્રોનના બે દર્દીઓ જોવા મળ્યા છે. જેમાંથી એક વ્યકિત દક્ષિણ આફ્રિકાથી આવ્યો છે, જયારે બીજો વ્યકિત સ્થાનિક છે. તેમણે કહ્યું કે બંને સંક્રમિત વ્યકિતઓના સંપર્કની માહિતી મળી ગઇ છે. તેમણે કહ્યું

કે કેન્દ્ર સરકાર ધ્વારા રાજય સરકારને જરૂરી તકેદારી રાખવાની સુચના આપવામાં આવી છે. જેથી ઓમિક્રોનનું સંક્રમણ વધુ ન ફેલાય. જોખમી દેશોમાંથી આવતી ફલાઇટના તમામ મુસાફરોનું આરટીપીસીઆર ટેસ્ટીંગ કરવામાં આવી રહયું છે.

---------------------------

## નૌકા દળ દિવસ

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ આજે નૌકા દળ દિવસ પર નૌકાદળના જવાનો, ભૂતપૂર્વ સૈનિકો અને તેમના પરિવારોને શુભેચ્છા પાઠવી છે.

એક ટ્વિટ સંદેશમાં , રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે દરિયાઈ સુરક્ષા ઉપરાંત , નૌકાદળે કોવિડ રોગચાળા દરમ્યાન સંકટનો સામનો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય હિતો , દરિયાઈ સુરક્ષા અને પ્રાદેશિક અખંડિતતાની સુરક્ષામાં ભારતીય નૌકાદળની ઉત્કૃષ્ટ ભૂમિકા પર રાષ્ટ્રને ગર્વ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક ટ્વિટ સંદેશમાં કહ્યું કે નૌકાદળ તેની વ્યાવસાયિકતા અને ઉત્કૃષ્ટ હિંમત માટે વ્યાપક પણે સન્માનિત છે.

નૌકાદળના જવાનો હંમેશા કુદરતી આફતો જેવી પરિસ્થિતિઓનો સામનો કરવા મોખરે રહ્યા છે.

-----------

# એસ.૪૦૦ મિસાઇલ

એસ 400 મિસાઇલ તેની સંચાલન ક્ષમતાની દ્રષ્ટિએ એક સક્ષમ સૈન્ય પદ્ધતિ છે. તે હવાઈ સંરક્ષણ દરમ્યાન ખૂબ મોટા વિસ્તાર પર સતત અને અસરકારક કામગીરી કરી શકે છે. સંરક્ષણ રાજ્ય મંત્રી અજય ભટ્ટે ગઈકાલે લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે આ પદ્ધતિને સામેલ કરવાથી દેશના હવાઈ સંરક્ષણ ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે. તેમણે કહ્યું કે રશિયા સાથે S-400 પદ્ધતિ મેળવવા માટેનો કરાર 2018માં થયો હતો.

શ્રી ભટ્ટે કહ્યું કે સરકાર સંરક્ષણ સાધનોની ખરીદીને અસર કરતી તમામ બાબતોથી સંપૂર્ણપણે માહિતગાર છે. તેમણે કહ્યું કે સરકાર સુરક્ષા પડકારોનો સામનો કરવા તથા સેનાને હંમેશા સજ્જ રાખવાની સાથે સાથે જોખમની સંભાવના, સંચાલન અને ટેકનિકલ પાસાઓને ધ્યાનમાં રાખીને નિર્ણય લે છે.

------------------

# ક્રિકેટ

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે મુંબઇના વાનખેડે સ્ટેડિયમમાં રમાઇ રહેલી બીજી ટેસ્ટના બીજા દિવસે ભારત 325 રનમાં ઓલઆઉટ થયું છે.

ઓપનર મયંક અગ્રવાલે 150 રન બનાવ્યા .

------------------------

# રોસૈયા – અવસાન

તમિલનાડુના ભૂતપૂર્વ રાજ્યપાલ અને એકીકૃત આંધ્ર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કોનિજેટ્ટી રોસૈયાનું લાંબી માંદગી બાદ 88 વર્ષની વયે આજે સવારે હૈદરાબાદમાં અવસાન થયું છે. રોસૈયા કોંગ્રેસના અગ્રણી નેતા હતા.

-------------------